BRAMPTON **Service and Information Update**

# બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં પરણો!

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 23, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન શનિવાર, જુલાઈ 23, 2022 નાં રોજ નાગરિક લગ્ન સમારોહો (સિવિલ મૅરેજ સેરેમનીસ) કરવા પર ખાસ પ્રમોશનની ઑફર કરી રહ્યું છે. ફાર્મર્સ માર્કેટ દરમિયાન, તમે અને તમારા સાથી પ્રતિજ્ઞાઓની આપ-લે કરી શકો છો અને માત્ર $75 માં, સુંદર ગેજ પાર્ક ગઝેબોમાં ઔપચારિક રીતે પરણી શકો છો!

સીમિત જગ્યાઓ ઉપલબ્ધ છે. **જુલાઈ 13, 2022** સુધીમાં બુકિંગ રૂબરૂમાં કરાવો.

બુકિંગના સમયે બુકિંગ રકમ પૂરેપૂરી ભરવી રહી. બુકિંગના સમયે એક માન્ય લગ્ન પરવાનો (મૅરેજ લાઇસન્સ) ($160) રજૂ કરવો રહ્યો કે ખરીદવો રહ્યો.

મૅરેજ લાઇસન્સ એપોઇન્ટમેન્ટ્સ વેબસાઇટ www.brampton.ca/skiptheline પર, અથવા રૂબરૂમાં સીટી હૉલમાં, સોમવારથી શુક્રવાર, સવારે 8:30 થી બપોરે 4 વાગ્યા સુધીમાં કરાવી શકાય છે.

**મૅરેજ લાઇસન્સીસ (લગ્ન પરવાનાઓ)**

શું તમારા લગ્નનું આયોજન કરી રહ્યાં છો? ઓન્ટેરિયોમાં પરણતા પહેલાં, તમારે મૅરેજ લાઇસન્સ મેળવવું રહ્યું. સીટી ઑફ બ્રેમ્પટન પાસેથી મૅરેજ લાઇસન્સ મેળવવા માટેની જરૂરિયાતો અને સમયરેખાઓ વિશે વધુ માહિતી મેળવો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca